# ગાંધીનગરને જનુર્મમાં સમાવવા કોંગ્રેસ તેની વગનો ઉપયોગ કરે

## ૧૮મીની સામાન્ય સભામાં ભાજપ આ મુદ્દે ખાસ પ્રસ્તાવ રજૂ કરનાર છે : આશિષ દવે -કાર્તિક પટેલ

ગાંધીનગર, તા. ૧૬

જવાહર નેહરૂ અર્બન મિશનમાં ગાંધીનગર શહેરનો સમાવેશ થાય તે માટે કેન્દ્ર સરકારને વિનંતી વધુ એકવાર કરવાની સાથે સત્તાધારી પક્ષ તેની વગનો ઉપીયોગ કરે તે માટે ભાજપ દ્વારા કોર્પોરેશનની સામાન્ય સભામાં એક વિશેષ પ્રસ્તાવ લાવવાનો નિર્ણય કર્યો છે.

ભાજપના કાઉન્સીલર શ્રી આશિષ દવેએ રજુ કરેલા આ પ્રસ્તાવને શ્રી કાર્તિક પટેલ, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા અને શ્રીમતિ પ્રવિણાબેન દરજીએ સમર્થન આપ્યું છે.

જર્નુમમાં ગાંધીનગરનો સમાવેશ કરવા માટે રાજ્ય સરકારે નવ વખત દરખાસ્ત રજુ કરી હોવા છતાં કેન્દ્ર સરકારે તેનો સમાવેશ કર્યો નથી. શ્રી આશિષ દવે અને શ્રી કાર્તિક પટેલને પુછતાં તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરમાં સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ કોંગીના કાઉન્સીલરો દિલ્હી દરબાર પહોંચ્યા હતા ત્યારે તેમના નેતાઓએ તેમને યોગ્ય કરવાની હૈયાધારણ આપી ગુજરાત પરત બોલાવ્યા હતા. એ વાતને ધ્યાને રાખી અમે ગાંધીનગરના વિકાસને નવો વેગ મળે તે માટે આ સામાન્ય સભામાં આ પ્રસ્તાવ રજુ કરવાના છીએ.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગરના વિકાસ માટે સૌએ સાથે મળી ચિંતા કરવી જોઈએ એવું અમે સ્પષ્ટ માનીએ છીએ એટલુ જ નહિ વિકાસના મુદ્દે રાજનીતિ નહિ પણ સહિયારો પુરૂષાર્થ અમારી વિચારધારા છે. ગાંધીનગરનો જર્નુમમાં સમાવેશ થાય તે માટે રાજ્ય સરકારે નવ વખત દરખાસ્ત કરી જ છે હવે કોર્પોરેશનમાં કોંગ્રેસ પક્ષ સત્તા પર છે અને તે પોતાની વગ વાપરે એવો અમારો આગ્રહ આ પ્રસ્તાવ લઈ આવવા પાછળ છે.

આ બન્ને કાઉન્સીલરોએ પક્ષ દ્વારા અન્ય એક પ્રસ્તાવ પણ રજુ કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જણાવતાં જણાવ્યું હતું કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સરકારે જે દસ કરોડ મંજૂર કર્યા છે તે બદલ સરકાર પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરતો આ પ્રસ્તાવ છે જે વિપક્ષી નેતા દ્વારા રજુ થશે. જેને સુરેશ મહેતા, પ્રકાશ પટેલ અને શંકરભાઈ ચૌધરી સમર્થન કરશે.

ગાંધીનગર શહેરમાં વિકાસ માટે કોઈ જ વિવાદ નહિ હોવો જોઈએ તેવો સ્પષ્ટ મત અમે અને અમારો પક્ષ ધરાવે છે તેમ તેમણે જણાવી કહ્યુ હતુ કે ગાંધીનગરનો જર્નુમમાં સમાવેશ કરવાની સાથે સાથે ગાંધીનગરને વધુ ટ્રેનો મળે તે માટે પણ કોંગ્રેસ તેની વગનો ઉપીયોગ કરે તેવું અમે ઈચ્છી રહ્યા છે અને તે વાત અમે ચર્ચા દરમ્યાન કરીશુ.

૧૮મીના રોજ ગાંધીનગર કોર્પોરેશનની સામાન્યસભા મળનાર છે. આ બેઠક તોફાની બેઠક બનશે તેમ મનાઈ રહ્યું છે.

# સી.એન.જી. ફીલીંગ સ્ટેશન વધારવા બે વર્ષથી કોઈ પગલા લેવાતા નથી

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં ૪૫ હજાર પૈકી મોટા ભાગના સી.એન.જી. વાહનો માર્ગ પર દોડી રહ્યા છે. આમ છતાં સી.એન.જી. ફીલીંગ સ્ટેશનો વધારવાના મામલે કોઈ આયોજન હાથ ધરાયું નથી. જેના પરિણામે નાગરિકોએ કલાકો સુધી કતારમાં ઉભા રહી હાલાકી વેઠવી પડે છે. આ અંગે શહેર વસાહત મહામંડળે આક્રોશ વ્યકત કરી જીએસપીસી દ્વારા ગ્રાહલક્ક્ષી અભિગમ અપનાવી યોગ્ય પગલાં લેવા માંગ કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરમાં ૧૨ ફેબ્રુઆરી વર્ષ ૨૦૦૬ દરમિયાન ગુજરાત પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા પી.એન.જી. અને સી.એન.જી.ની સુવિધા શરૂ કરવામાં આવી હતી. શહેરમાં સી.એન.જી. વાહનોની સંખ્યામાં પણ ૯ હજાર જેટલો વધારો થયો છે. અગાઉ ૩૬૦૧૬ જેટલા વાહનો હતાં જયારે આજે હજારો સી.એન.જી. વાહનો માર્ગ પર દોડી રહ્યા છે.

રીક્ષા, બસો અને કાર સહિતના સી.એન.જી. વાહનોની વધતી સંખ્યાને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૦થી શહેરમાં સી.એન.જી. ફીલીંગ સ્ટેશનો વધારવા પેટ્રોલિયમ કોર્પોરેશનને રજૂઆત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત પી.એન.જી.ના જોડાણ ધારકોને ઈ.સી.જી. સિસ્ટમથી ચુકવણું કરવા માટે બેંક સાથે વ્યવસ્થા ગોઠવવા પણ છેલ્લા ચાર વર્ષથી રજૂઆત કરવામાં આવી રહી છે. જેના લીધે ગ્રાહકોએ નાણાં અને શકિતનો વ્યય કરવો પડે છે. આ સઘળી પરિસ્થિતિ વચ્ચે ગુજરાત પેટ્રોલિયમ કોર્પોરેશનના કથળતા વહીવટના લીધે આમ નાગરિકો તોબા પોકારી ગઈ છે. મહામંડળના આગેવાનો મયુર વ્યાસ, સુધીર દેસાઈ, લતાબેન ચોકસી તેમજ સી.પી. સોનીએ પણ તંત્ર સમક્ષ રજૂઆત કરી ગ્રાહકલક્ષી અભિગમ અપનાવવા માંગ કરી છે.



'જિંદગીય અજબ ખેલ કરે છે...' એવાં સ્વરૂપ દેખાડે છે જિંદગી કે ક્યારેક તેની કરૂણાનો વિચાર આવે ને ક્યારેક તેની ક્રૂરતાનો. પ્રસ્તુત તસવીર આ બીજી બાબતનો જ ખ્યાલ આપે છે. (તસવીર : દિપક જાની)

# સ્વર્ણિમ પાર્કને નિખારવા હવે લેન્ડ સ્કેપીંગનું કામ શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં આકાર લેતા મહત્વકાંક્ષી પ્રોજેક્ટ 'સ્વર્ણિમ પાર્ક'ને નિખારવા હવે લેન્ડ સ્કેપીંગનું કામ શરૂ થશે. સ્વર્ણિમપાર્કની બીજા તબક્કાનીને અનુલક્ષી રૂ. ૨૮ કરોડના ખર્ચને વિભાગકક્ષાએથી મંજૂરી આપી દેવાતા તંત્ર દ્વારા ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ૧ મહિનામાં જ આગળના તબક્કાનું કામ શરૂ કરી દેવાશે.

શહેરના મધ્ય વિસ્તારમાં ગ-૪ થી ચ-૪ના બેલ્ટમાં વર્ષ ૨૦૧૦ દરમિયાન સેન્ટ્રલ વિસ્ટાના પ્રોજેક્ટનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ગત વર્ષ દરમિયાન મુખ્યમંત્રીએ આ યોજનાને સ્વર્ણિમ પાર્કનું આપ્યું હતું. નગરની આગવી ઓળખ સમાન બની રહેનારા સ્વર્ણિમ પાર્કના આયોજન સંદર્ભે પ્રથમ તબક્કામાં રૂ. ૩૩ કરોડના ખર્ચે ગ-૪ થી ચ-૪ સુધીના રૂટમાં બન્ને બાજુએ માર્ગ તેમજ ફૂટપાથનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. દિલ્હીના રાજઘાટ અને પેરિસના ચેમ્સ એ.સી.બી.ની જેમ આ વિસ્તાર પાટનગરમાં જોવાલાયક નજરાણું બની રહે તે માટે કરોડોના પ્રોજેકટ સંદર્ભે બીજા તબક્કાની કામગીરી અન્વયે નવા આકર્ષણો ઉભા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થતા હવે આગળનું કામ હાથ ધરવા આખરી આયોજન કરી દેવાયું છે. બીજા તબક્કા દરમિયાન સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં યોગ્ય લેન્ડ સ્કેપીંગ અને વોટરબોડી સહિતના આકર્ષણો ઉભા કરવા નિષ્ણાંતો દ્વારા વિવિધ ડિઝાઈનો તૈયાર કરવામાં આવી હતી. જ્યારે આ ડિઝાઈન સંદર્ભે અગાઉ ઉચ્ચકક્ષાએ પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. જેના અંતે ડિઝાઈન આખરી કરાયા બાદ વિભાગ કક્ષાએ વહીવટી મંજૂરી અર્થે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.

# ગેસના ઘર વપરાશના બીલમાં લેઈટ પેમેન્ટ ચાર્જની રકમ રૂ. ૭૫માં ઘટાડો કરવો જોઈએ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના વિવિધ શહેરો/ નગરોમાં જી.એસ.પી.સી. ગેસ કંપની લિ. દ્વારા અંદાજે ૩,૫૦,૦૦૦ ગ્રાહકોને અવિરતપણે પી.એન.જી. અપાય છે. ગ્રાહકોને ગેસના બાટલા નોંધાવવા તથા સમયસર ડીલીવરી મળવાની ઝંઝટમાંથી મુક્તિ મળી જતાં, ખુબ જ રાહત થઈ ગઈ છે. તેમજ ગેસના બાટલાની કિંમતની દૃષ્ટિએ પાઈપલાઈન ગેસ ખુબ જ સસ્તો પડે છે. ગાંધીનગરમાં સરકારી કર્મચારી/ અધિકારીઓનું પ્રમાણ વધારે હોવાથી સરકાર દ્વારા હકાત્મક અભિગમ દાખવી સરકારી વસાહતોમાં પણ જી.એસ.પી.સી.નો ગેસનો પુરવઠો પુરો પાડવામાં આવે છે.

પરંતુ ગેસ વપરાશના દ્વિમાસીક બીલનું ચુકવણું નિયત તારીખ પછી કરવામાં આવે તો લેઈટ પેમેન્ટ ચાર્જ તરીકે રૂ. ૭૫ જેટલી તગડી રકમ વસુલ કરવાની પદ્ધતિ યોગ્ય જણાતી નથી. કેમ કે, ઘર વપરાશના બીલમાં લેઈટ ચાર્જ તરીકે રૂ. ૭૫ ની રકમ ખુબ જ મોટી ગણી શકાય. ઘણીવાર નાના પરિવાર કે નિયમિત રસોઈ બનાવતા ન હોય તેવા નાના વપરાશકારોનું દ્વિમાસિક મીનીમમ બીલ રૂ. ૧૬૯ આવતું હોય ત્યારે ૪૫ ટકા જેટલો રૂ. ૭૫નો લેઈટ પેમેન્ટ ચાર્જ કોઈ પણ રીતે યોગ્ય જણાતો નથી. તેથી આ બાબતે સહાનુભૂતિપૂર્વક વિચારણા કી લેઈટ પેમેન્ટ ચાર્જની રકમમાં સત્વરે ઘટાડો કરવો જોઈએ.

ટોરેન્ટ જેવાં વીજળી પુરી પાડતાં જાહેર એકમો તથા બી.એસ.એન.એલ.ના ટેલીફોન બીલમાં લેઈટ પેમેન્ટ ચાર્જ લેવાને બદલે જો સમયસર બીલ ભરવામાં આવે તો અમુક ચોક્કસ રકમનું વળતર આપવામાં આવે છે. તે મુજબ જી.એસ.પી.સી.ના ઘર વપરાશના ગેસ બીલમાં પણ વળતર આપવા તેમજ ઘર વપરાશના બીલમાં લેઈટ પેમેન્ટ ચાર્જ તરીકે બીલની રકમના ૨ થી ૩ ટકા રકમ નક્કી કરવી જોઈએ.

# મોટી આદરજમાં પડોશીઓએ ભેગા મળી મહીલાને માર માર્યો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલ મોટી આદરજ ગામમાં જૂના ઝઘડાની અદાવત રાખી પડોશીઓએ સે-૭ (સી) માં રહેતી મહીલાને માર મારતા ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ અંગે પેથાપુર પોલીસે ૧૧ ઈસમો સામે રાયોટીંગનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લાના મોટી આદરજ ગામમાં જૂના ઝઘડાની અદાવતમાં પડોશીઓએ એક મહિલા પર હુમલો કરી માર મારતા ચકચાર મચી છે. પેથાપુર પોલીસે ૧૧ જણા વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગરના સેકટર-૭-સીમાં પ્લોટ નં. ૧૦૦૧/૧માં રહેતા રેખાબેન હિમાંશુભાઈ પટેલ પર રવિવારે પાંચ મહિલા સહિત ૧૧ જણાએ હુમલો કર્યો હતો. રેખાબેન અન હુમલો કરનારા પડોશીઓ વચ્ચે કોઈ કારણસર ભૂતકાળમાં ઝઘડો થયો હતો અને આ અંગે પોલીસ મથકમાં અરજી પણ કરવામાં આવી હતી. રવિવારે સાંજે રેખાબેન ગાંધીનગરની મોટી આદરજ ગયા હતાં. મૂળ વતન મોટી આદરજ ગામમાં તેમના મકાનની સાફ સફાઈની કામગીરી ચાલતી હતી તે દરમિયાન રેખાબેન પર હુમલો કરાયો હતો. જૂના ઝઘડાની અદાવતમાં નરેશ મોહનભાઈ પટેલ, મહેશ કચરાભાઈ પટેલ, મહેશ પટેલના બે પુત્ર, સુરેશ મોહનભાઈ પટેલ, કચરા પટેલ, રંજનબેન કચરાભાઈ પટેલ, મધુબેન સુરેશભાઈ પટેલ, વનિતાબેન મહેશભાઈ પટેલ, મણીબેન કચરાભાઈ પટેલ તથા સરોજબેન કચરાભાઈ પટેલે મળીને રેખાબેન પર હુમલો કર્યો હતો. રેખાબેનને ઘવાયેલી હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જયારે પેથાપુરના પોલીસ સબ ઈન્સ્પેકટર ઓ.એમ. દેસાઈએ હુમલો કરનારી ૧૧ વ્યકિત સામે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



યુવકસેવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા વર્ષ-૨૦૦૭ સેવા / જાહેર સુખાકારી એવોર્ડ સચિવ શ્રી ભાગ્યેશભાઈ જહાના વરદ્હસ્તે તથા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાની ઉપસ્થિતિમાં શ્રી દશરથભાઈ જી. લીંબાચીયાએ સ્વીકાર્યો હતો.

# મેન્ટલી સ્પેશિયલ બાળકી માટે પપ્પા જ મમ્મી બની ગયા

## હું ક્યારેય મંદિરે જતો નથી, મારી પૂજામાં મને પરમેશ્વર દેખાય છે, એના ચહેરા પરની મુસ્કાન એ જ મારી સાધના અને આરાધના

સંબંધ સજાવે જિંદગી

**દીકરી વ્હાલનો દરિયો**

- પોપટલાલ એસ પ્રજાપતિ

gsrelation@yahoo.com

સૌ કોઈ કહે છે કે દીકરી વ્હાલનો દરિયો છે. અને વાતેય ખરી છે. પ્રત્યેક મા-બાપને અને એમાંય ખાસ કરીને બાપને દીકરી પ્રત્યે વ્હાલ હોય છે. કારણ કે દીકરી તો વન વગડાની ચરકલડી છે, એને એક દિવસ તો ઊડી જવાનું જ છે. બુદ્ધિશાળી, દેખાવડી, ટૅલેન્ટેડ, લાગણીશીલ દીકરી માટે બાપ વ્હાલપનાં ઓવારણાં લે તે સ્વાભાવિક ઘટના છે. પણ દીકરી જન્મથી માનસિક વિશિષ્ટ હોય, પોતે જાતે કંઈ સમજી ન શકે, લાગણી શું કે પ્રેમ શું ? મમ્મી શું કે પપ્પા શું ? સંબંધો ? એ વળી કઈ બલાનું નામ છે ? પૈસા ગણતાં આવડે નહીં, સમયસર જમવાનું કે સ્નાન કરવાનું મહત્ત્વ જેને સમજાતું નથી, પોતાની જીદ પૂરી કરવા તે ધમપછાડા કરે છે. તેને કંઈ પણ વાત સમજાવવી હોય તો નાકે દમ આવી જાય છે. પપ્પાને ખબર છે કે આ વનવગડાની ચરકલડી નથી, એને આખો જન્મારો નિભાવવાની છે અને છતાં કુદરતની ક્રૂરતાનો શિકાર બનેલી આ દીકરીને રાષ્ટ્રીય કક્ષાનો સુવર્ણ ચંદ્રક મેળવવા તૈયાર કરવી અને દીકરીના વિકાસની ખેવના રાખી તેને પાકિસ્તાન તેમજ ચાઈના પણ એકલી મોકલવી એ કંઈ નાનીસૂની સિદ્ધિ ગણાય ? આવા વિરલ પપ્પા અને મૅન્ટલી સ્પેશિયલ છતાં અજોડ વ્યક્તિત્વ ધરાવતી દીકરી આપણા ગાંધીનગરમાં સૅક્ટર-૫ સી ખાતે રહે છે. એનું નામ છે પૂજા પ્રવિણભાઈ સોની. હા, એ પ્રવિણભાઈ જે ગાંધીનગર સર્કીટ હાઉસમાં આસી. મૅનેજર તરીકે ફરજ બજાવતા હતા. હાલ નિવૃત્ત જીવન ગાળે છે. એમને ત્રણ દીકરી - રીન્કુ, સોનલ અને પૂજા. બંને મોટી દીકરીઓને પરણાવી સાસરે વળાવી છે. હવે પૂજા પ્રવિણભાઈ માટે સર્વસ્વ છે. પોતાની દુનિયામાં આખો દિવસ મસ્ત રહેતી પૂજાનો કંઈક તો વિકાસ કરવો જ રહ્યો. તેના ચહેરા પર મુસ્કાન લાવવા કંઈક તો કરવું જ, એમ વિચારી તેમણે પૂજાને બી ઍમ ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅન્ટલ હૅલ્થ, અમદાવાદમાં સ્વનિર્ભરતાની તાલીમ મેળવવા મૂકી. જ્યાં તે લખતાં વાંચતાં તો ન શીખી પણ રમતગમત પ્રત્યે તેને એવો લગાવ થઈ ગયો કે હૅન્ડબૉલ, ક્રિકેટ અને સાકલીંગમાં તેનું ધ્યાન કેન્દ્રીત થયું. પ્રવિણભાઈએ દીકરીના આ શૉખને પુરો કરવા કોચની વ્યવસ્થા કરી. દામોદર નાડકર્ણી અને કૅપ્ટન શિવકુમારે આ ચૅલેન્જ સ્વીકારી



અને પૂજાને ક્રિકેટની ઈન્ટરનેશનલ ખેલાડી બનાવી દીધી. માત્ર બે મહિનાની તાલીમમાં જ પૂજા સ્પેશિયલ ઑલિમ્પિક ટુર્નામૅન્ટમાં ભારતીય ક્રિકેટ ટીમની કૅપ્ટન બની ગઈ. સ્પેશિયલ ક્રિકેટ ટુર્નામૅન્ટ મૅન્ટલી સ્પેશિયલ ખેલાડીઓ માટે જ હોય છે, જેમાં ૨૦ ઓવરમાં દરેક પ્લેયરે ચાર ઓવર રમવાની હોય છે, તે આઉટ થાય તો પણ. આ ઓવરમાં થયેલ રન તથા પડેલ વિકેટથી ભાગાકાર કરતાં જે રન આવે તે ઍવરેજ રન ગણાય. આ પ્રકારની ટુર્નામૅન્ટ ભારત અને પાકિસ્તાનની મહિલા ટીમ વચ્ચે રમાયેલી જેમાં પૂજા ચાર ઓવર સંપૂર્ણ રમી. સૌથી વધુ રન કરી એક પણ વાઈડ બૉલ કે નો બૉલ નાખ્યા વગર તેણે ચાર વિકેટ પણ ઝડપી અને મૅન ઑફ ધી મૅચ બનીને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો. પછી તો પપ્પાના હરખનો પાર ન રહ્યો. ત્યારબાદ આ પ્રકારની બીજી ટુર્નામૅન્ટમાં ભારત, પાકિસ્તાન, ઑસ્ટ્રેલિયા, વેસ્ટ ઈન્ડીઝ સહિત આઠ દેશોના સ્પેશિયલ બાળકોએ ભાગ લીધો હતો, જેમાં પણ ભારતીય ટીમના કૅપ્ટન તરીકે પૂજાની વરણી થયેલી ને તેમાં પૂજાએ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરેલો. એટલું જ નહીં, તેણે હૅન્ડબૉલમાં ઈન્ટસ્ટેટ ટુર્નામૅન્ટમાં પ્રથમ તથા સાયકલીંગમાં નૅશનલ લૅવલે ૧૫૦ હરીફો વચ્ચે ૧૫ કિમી સાયકલીંગ કરી પ્રથમ નંબર મેળવી ફરી એકવાર સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગરમાં આવાં ૩૦૦ બાળકો છે, જે મૅન્ટલી સ્પેશિયલ છે. તેમાં પૂજા એક અનોખું વ્યક્તિત્વ છે. પપ્પા પ્રવિણભાઈ કહે છે, 'હું ક્યારેય મંદિરે જતો નથી. મારી પૂજામાં મને પરમેશ્વર દેખાય છે. એના ચહેરા પરની મુસ્કાન એ જ મારી સાધના અને આરાધના.'

હૅન્ડબૉલ રમવા માટે પૂજા ચાઈના પણ ગઈ હતી. જ્યારે પણ પૂજાને આવી ટુર્નામૅન્ટ માટે અન્ય રાજ્યોમાં કે દેશોમાં મોકલવાની થાય ત્યારે પ્રવિણભાઈ મમ્મીની જેમ એકદમ લાગણીશીલ બની રડી પડતા, પણ છતાં મન મક્કમ કરી દીકરીના વિકાસ માટે કંઈપણ કરવા તૈયાર રહેતા.

વિદેશમાં ગયેલી પૂજા જ્યાં સુધી ઘરે પાછી ન ફરે ત્યાં સુધી પ્રવિણભાઈ બેચેનીમાં દિવસો પસાર કરતા અને રાત અજંપામાં વિતતી. 'મારી પૂજા આવી' કહી ક્યારેક રાત્રે ઝબકીને જાગી જતા. પૂજાનાં મમ્મી બૉમ્બે ટૅબ્લેટ ફાર્મા. કંપનીમાં ફરજ બજાવે છે. પ્રવિણભાઈ તેમને જરાય ડિસ્ટર્બ કર્યા વિના પૂજાનું સતત ધ્યાન રાખે છે. પ્રવિણભાઈએ પૂજાના વિકાસ, તેના ઉછેર તથા તેના અભ્યાસમાં મમ્મી બનીને કામ કર્યું છે. માટે જ કહેવાય છે કે પપ્પા જ્યારે મમ્મી બનીને દીકરીના વિકાસમાં સમર્પિત બને ત્યારે પૂજાનો જન્મ થાય છે.

શાંત અને નિર્મળ દરિયાને તો સૌ વ્હાલ કરે પણ જે દરિયામાં કાયમ સુનામી જ આવવાની હોય અને છતાં એના ઓવારણાં લે એનું નામ વ્હાલપ. આવા વ્હાલપને નવાજવા માટે શબ્દકોષમાં કોઈ યોગ્ય શબ્દ હોય તો શોધવા પ્રયત્ન કરજો...

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭

સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧.૪૫, ૪.૪૫,૧૦.૧૫

બેટલશીપ (અંગ્રેજી) : ૭.૪૫

બેટલશીપ (હિન્દી) : ૧૧.૧૫

**સ્ક્રીન-૩ :** બીટ્ટુ બોસ :૧૨.૦૦

બેટલશીપ (હિન્દી) : ૨.૩૦, ૫.૦૦, ૧૦.૩૦

હાઉસ ફૂલ ૨ : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** છોડો કલ કી બાતે : ૧૨.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૭.૩૦

બીટ્ટુ બોસ :૧૦.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૩૦, ૨.૧૫, ૯.૩૦
છોડો કલ કી બાતે / ટાઈટેનીક ૩-ડી(હિન્દી) : ૬.૦૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** બેટલશીપ (હિન્દી) : ૯.૦૦

હાઉસ ફૂલ ૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :** બીટ્ટુ બોસ : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫

બેટલશીપ (હિન્દી) : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

બ્લડમની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીત ઝૂકે નહી સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેન્ક દ્વારા સવારે ૯.૦૦ કલાકે કાર્યક્રમ

### રાજકીય

- કોંગ્રેસ પાર્ટી દ્વારા જનસંપર્ક પરિવર્તન યાત્રા સવારે ૯.કલાકે પંચદેવ મંદિર, સેકટર-૨૨ નીકળશે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. વેપાર ક્ષેત્રે પ્રવાસ લાભદાયી બની શકે છે.

**વૃષભ** : ધર્મ, ધ્યાન સંબંધિત કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી સાવચેતી રાખવી. નકામા તનાવથી બચવું.

**મિથુન** : ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતામાં વધારો થઈ શકે છે. પેટ સંબંધિત પીડા ઉભી થઈ શકે છે તેથી આરોગ્ય વિશે ખાસ કાળજી રાખવી.

**કર્ક** : કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**સિંહ** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા- પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મિક અને ધાર્મિક બાબતો તરફ પ્રેરાશો.

**કન્યા** : મિલકત -જમીન સંબંધી બાબતોમાં ઉકેલ મળી શકે છે. વ્યાપાર ક્ષેત્રમાં ભાગીદારથી વિશેષ વૃદ્ધિમાં લાભ થઈ શકે છે. સામાજિક સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**તુલા** : વિવાદ, કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાવાપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન સંબંધિ સમસ્યાઓને લગતી બાબતોમાં પ્રાવાસ અને ખર્ચ માં વધારો થઈ શકે છે.

**વૃશ્ચિક** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આર્થિક સ્ત્રોમાં સુધારો થઈ શકે છે. આરોગ્યલક્ષી બાબતમાં ખર્ચ થઈ શકે છે.

**ધન** : માંગલિક પ્રસંગોમાં સમય પસાર થઈ શકે છે. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. નોકરી- વેપાર ક્ષેત્રે ભાગ્યોદયનો સાથ મળી રહે.

**મકર** : કૌટુંબિક- સામાજિક કાર્યોમાં અવરોધ આવી શકે છે. વાહનથી સાચવવું. નોકરીયાત વર્ગે ઉચ્ચ અધિકારીઓ સાથે વિવાદમાં ઉતારવું નહિ. શાંતિથી દિવસ પસાર કરવો.

**કુંભ** : વિશેષ કાર્યોમાં ભાગ્યનો સાથ મળી શકે છે. નોકરી- વેપાર ક્ષેત્રમાં યાત્રા-પ્રવાસ લાભદાયી બની શકે છે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ લાભ થઈ શકે છે.

**મીન** : કૌટુંબિક, માંગલિક કાર્યોમાં ભાગ લઈ શકો છો. આધ્યાત્મ પાછળ તમે સમય ફાળવી શકશો. કોર્ટ- કચેરીના પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

# આરાસુરી અંબામાની સેવા આરાધના કરતા નાગરો

ગાંધીનગર, તા. ૧૬

આરાસુરી અંબાજીમાની સંપૂર્ણ સેવા ચૈત્ર માહિના તા. ૧૧મી એપ્રિલથી ૧૪મી એપ્રિલ દરમ્યાન સમસ્ત નાગર પરિષદને રાત્રિના ૯ થી ૧૨ વાગ્યા સુધી મંદિર સોંપવામાં આવેલું હતું. આ પ્રસંગે મા અંબાની પૂજા- અર્ચના, નવચંડી તથા ગરબા અને સ્તુતિથી નાગરોએ ભક્તિમય વાતાવરણ ઊભું કરી દીધેલ હતું. તમામ નાગરો પિતાંબર પહેરીને મંદિરમાં સેવા- પૂજા કરેલી હતી. નાગર મહિલાઓએ રેશમી વસ્ત્રોમાં પરિધાન થયેલી હતી. દિવસ દરમ્યાન ઉપવાસ કર્યા બાદ જ રાત્રિના સમયે સ્નાન વિધિ પતાવ્યા બાદ માની આરાધના કરેલ હતી.

સમસ્ત નાગર પરિષદના વડીલશ્રી અરૂણભાઈ બુચ, શ્રી નરેશ રાજા, શ્રી સુભાષ ભટ્ટ, શ્રી ધર્મેશભાઈ દેસાઈ, શ્રી કૌશિકભાઈ રાવલે આ પ્રસંગને સફળ બનાવવા હાજર રહીને સતત જહેમત ઉઠાવી હતા.